Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ગુજરાતમાં ઘટકવાર ઔદ્યોગિક વિકાસની તરેહ

**તપન જે. ભટ્ટ**
પીએચડી સ્કોલર અર્થશાસ્ત્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી-રાજકોટ.
**ઈ-મેઈલ:-** tapanbhatt21@yahoo.com

**સારાંશ**


પ્રસ્તુત લેખમાં ગુજરાત રાજ્યમાં નાના પાયાના અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમો તથા તેમાં રોકાણ અને રોજગારી બાબતે ચર્ચા કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના ચાર ભાગ પાડીને તેમાં અતીનાના, નાના પાયાના અને માધ્યમ કદના ઔદ્યોગિક એકમો, રોકાણ અને રોજગારીની ચર્ચા કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો:-** ઔદ્યોગિક એકમો, રોકાણ, રોજગારી, વાયબ્રન્ટ ગુજરાત.

ગુજરાત મૂળભૂત રીતે આર્થિક સુધારા પહેલાથી જ વેપાર વાણીજ્યમાં મોખરાનો પ્રાંત ગણવામાં આવ્યો છે. આર્થિક સુધારા પછી રાજ્યોને વિકાસલક્ષી ઉપક્રમો માટે જે વધારે સ્વાયતતા મળી છે તેનો મહતમ લાભ ગુજરાત ઉઠાવી રહ્યો છે. વાયબ્રન્ટ ગુજરાતના નામે રોકાણ માટેનો આકર્ષક તખતો ગુજરાતમાં તૈયાર થયો છે પરંતુ નાના પાયાના કે અતીનાના એકમો ગુજરાતની આજે પણ વિશેષતા રહી છે. ગુજરાતના ઔદ્યોગિકરણના સંદર્ભમાં જે ઉજળું ચિત્ર દર્શાવવામાં આવે છે તે આવકાર્ય છે પરંતુ આપણે જયારે ટકાઉક્ષમ વિકાસ અને સર્વસમ્મિલિત વ્યુહાત્મક વિકાસની વાત કરીએ ત્યારે રાજ્યના જિલ્લાઓમાં જે વ્યાપક અસમાનતા જોવા મળે છે તે ભવિષ્યના વિકાસ માટે મોટા પડકારરૂપ છે. આ હકીકતને સમજવા માટેનો એક સંક્ષિપ્ત પ્રયાસ કરવામાં આવ્યો છે જેમાં વર્ષ ૨૦૦૭-૦૮ અને વર્ષ ૨૦૧૪-૧૫ માં ગુજરાત રાજ્યમાં અતીનાના, નાના પાયાના અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમો, રોકાણ તથા રોજગારીનું તુલનાત્મક ચિત્ર રજૂ કરીને તેનું વિસ્તારની દ્રષ્ટિએ ચાર વિભાગમાં વિભાજીત આંકડાકીય ચિત્ર મુકવામાં આવ્યું છે જે એકંદરે ઔદ્યોગિક કેન્દ્રીકરણનો સ્પષ્ટ સંકેત પૂરો પડે છે.

| | | એકમ (%) | રોકાણ (%) | રોજગારી (%) |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | મધ્ય | ૩૨.૫૧ | ૩૪.૨૪ | ૩૫.૫૫ |
| | ઉત્તર | ૧૦.૨૨ | ૧૬.૦૩ | ૧૧.૭ |
| | સૌરાષ્ટ્ર | ૧૬.૦૧ | ૧૫.૭૯ | ૧૭.૦૧ |
| | દક્ષીણ | ૪૧.૨૫ | ૩૩.૯૪ | ૩૫.૭૪ |
| | કુલ | ૧૦૦. | ૧૦૦. | ૧૦૦. |
| | | | | |
| ૨૦૧૪-૧૫ | મધ્ય | ૨૯.૦૪ | ૩૩.૫૧ | ૨૮.૩૯ |
| | ઉત્તર | ૧.૭૮ | ૮.૬૩ | ૪.૬૩ |
| | સૌરાષ્ટ્ર | ૧૩.૫ | ૨૪.૯૮ | ૧૫.૦૮ |
| | દક્ષીણ | ૫૫.૬૮ | ૩૨.૮૮ | ૫૧.૯ |
| | કુલ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |

**Source: Industries Commissionerate, Gandhinagar, Gujarat.**



વર્ષ ૨૦૦૭-૦૮ માં કુલ ૧૩૧૮૫ એકમોમાંથી સૌથી વધુ ૪૧.૨૫% એકમો દક્ષીણ ગુજરાતમાં આવેલ હતા. ત્યારબાદ મધ્ય ગુજરાતમાં ૩૨.૫૧% એકમો આવેલા હતા. ત્રીજા ક્રમે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૧૬.૦૧% એકમો આવેલા હતા અને એ જ વર્ષમાં સૌથી ઓછા ૧૦.૨૨% એકમો ઉતર ગુજરાતમાં આવેલા હતા. મૂડીરોકાણની વાત કરીએ તો કુલ ૮૪૯૧૮૫.૯૨ લાખ રૂપિયાનું મૂડીરોકાણ થયું હતું જેમાંથી સૌથી વધુ ૩૪.૨૪% નું મૂડીરોકાણ મધ્ય ગુજરાતમાં થયું હતું, ત્યાર બાદ ૩૩.૯૩% જેટલું મૂડીરોકાણ દક્ષીણ ગુજરાતમાં થયું હતું. ત્રીજા ક્રમે ઉતર ગુજરાતમાં ૧૬.03% નું મૂડીરોકાણ થયું હતું અને સૌથી ઓછું ૧૫.૭૯% જેટલું મૂડીરોકાણ સૌરાષ્ટ્ર અને કચ્છમાં થયું હતું. રોજગારીની વાત કરીએ તો કુલ ૧૯૭૩૩૪ ની રોજગારીમાં સૌથી વધુ ૩૫.૭૪% રોજગારી દક્ષીણ ગુજરાતમાં મળી હતી, ત્યારબાદ ૩૫.૫૫% રોજગારી મધ્ય ગુજરાતમાં મળી હતી. ત્રીજા ક્રમે ૧૭.૦૧% રોજગારી સૌરાષ્ટ્ર અને કચ્છમાં મળી હતી. સૌથી ઓછી ૧૧.૭૦% રોજગારી ઉતર ગુજરાતમાં મળી હતી.

વર્ષ ૨૦૧૪-૧૫ માં કુલ ૬૪૧૬૩ એકમોમાંથી સૌથી વધુ ૫૫.૬૮% એકમો દક્ષીણ ગુજરાતમાં આવેલ હતા. ત્યારબાદ મધ્ય ગુજરાતમાં ૨૯.૦૪% એકમો આવેલા હતા. ત્રીજા ક્રમે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૧૩.૫૦% એકમો આવેલા હતા અને એ જ વર્ષમાં સૌથી ઓછા ૧.૭૮% એકમો ઉતર ગુજરાતમાં આવેલા હતા. મૂડીરોકાણની વાત કરીએ તો કુલ ૧૩૫૯૦૯૯.૩૭ લાખ રૂપિયાનું મૂડીરોકાણ થયું હતું જેમાંથી સૌથી વધુ ૩૩.૫૧% નું મૂડીરોકાણ મધ્ય ગુજરાતમાં થયું હતું, ત્યાર બાદ ૩૨.૮૭% જેટલું મૂડીરોકાણ દક્ષીણ ગુજરાતમાં થયું હતું. ત્રીજા ક્રમે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૨૪.૯૭% નું મૂડીરોકાણ થયું હતું અને સૌથી ઓછું ૮.૬૪% જેટલું મૂડીરોકાણ ઉતર ગુજરાતમાં થયું હતું. રોજગારીની વાત કરીએ તો કુલ ૪૧૦૪૫૫ ની રોજગારીમાં સૌથી વધુ ૫૧.૯૧% રોજગારી દક્ષીણ ગુજરાતમાં મળી હતી. ત્યારબાદ ૨૮.૩૯ રોજગારી મધ્ય ગુજરાતમાં મળી હતી. ત્રીજા ક્રમે ૧૫.૦૮% રોજગારી સૌરાષ્ટ્ર અને કચ્છમાં મળી હતી. સૌથી ઓછી ૪.૬૩% રોજગારી ઉતર ગુજરાતમાં મળી હતી.

જો બંને વર્ષોની તુલના કરીએ તો સુક્ષ્મ, નાના પાયાના અને માધ્યમ પાયાના કુલ એકમોમાં સૌથી વધુ એકમો દક્ષીણ ગુજરાતમાં આવેલા છે. ત્યારબાદ બીજા ક્રમે મધ્યગુજરાત, ત્રીજા ક્રમે સૌરાષ્ટ્ર અને કચ્છ અને સૌથી ઓછા ઉતર ગુજરાતમાં આવેલા છે. મૂડીરોકાણની વાત કરીએ તો સૌથી વધુ મૂડીરોકાણ મધ્ય ગુજરાતમાં થયું. ત્યારબાદ બીજા ક્રમે દક્ષીણ ગુજરાત, ત્રીજા ક્રમે સૌરાષ્ટ્ર અને કચ્છ અને સૌથી ઓછું ઉતર ગુજરાતમાં થયું. રોજગારીની બાબતમાં સૌથી વધુ રોજગારી દક્ષીણ ગુજરાત, ત્યારબાદ બીજા ક્રમે મધ્ય ગુજરાત, ત્રીજા ક્રમે સૌરાષ્ટ્ર અને કચ્છ અને સૌથી ઓછા ઉતર ગુજરાતમાં મળી.

આમ જો ઉદ્યોગોનું સમગ્ર ચિત્ર જોઈએ તો દક્ષીણ ગુજરાતમાં ઉદ્યોગોનું કેન્દ્રીકરણ જોવા મળે છે. અને ત્યાર બાદના ક્રમે મધ્ય ગુજરાત અને સૌથી ઓછું ઉતર ગુજરાતમાં જોવા મળે છે.

આ બાબતમાં જો હજુ પણ બારીકાઇથી નિરીક્ષણ કરવામાં આવે તો તેમાં પણ ઘનિષ્ઠ કેન્દ્રીકરણ જોવા મળે છે. દા,ત. દક્ષીણ ગુજરાતમાં પણ સુરતમાં સૌથી વધુ ઔદ્યોગિક એકમો

આવેલા છે, જયારે ડાંગ અને તાપીનું ચિત્ર નબળું જણાય છે. મધ્ય ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ભરૂચમાં કેન્દ્રીકરણ જણાય છે. સૌરાષ્ટ્રમાં રાજકોટમાં કેન્દ્રીકરણ જોવા મળે છે. અને ઉત્તર ગુજરાતમાં ગાંધીનગર અને મહેસાણામાં કેન્દ્રીકરણ જોવા મળે છે.

**Bibliography**


Amitabh, K. (2000, june). Urbanization in Gujarat. *Economic and political weekly* .

Hirway Indira, S. A. (2014). *Growth or Development: Which Way is Gujarat Going.* New Delhi: Oxford University Press.

*Industries Commissionerate.* Gandhinagar, Gujarat: Office of The Industries Commissionerate.

Oza, I. S. *Gujarat ek Sarvaiyu.* Ahmadabad: Navbharat Prakashanmandir.

હાથી, ત. (૨૦૦૫). *ગુજરાતનું અર્થકારણ.* રાજકોટ, ગુજરાત: અંબાણી બુક ડિસ્ટ્રીબ્યુટર્સ.